**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૫૧ ટકા

# શહેરના બજારોમાં મંદીની અસર

## વેપારીઓના કહ્યા મુજબ પહેલા કરતા હાલ ઘરાકીમાં ૫૦ ટકા ઘટાડો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના બજારોમાં મંદીની અસર જોવા મળી રહી છે. નવા બજાર સિવાય કરિયાણા, કાપડ જેવા બજારમાં ગ્રાહકોની ખોટ વર્તાઈ રહી છે. રૂપિયાનું રોટેશન સ્પીડી થતું નથી. ઉઘરાણી જ નથી આવતી સાથે સાથે ગ્રાહકો ખરીદી માટે બીજા અનેક માધ્યમોનો ઉપયોગ કરી રહ્યા છે. મંદી તો છે જ પરંતુ ગ્રાહકોની ખરીદ શકિત પણ ઓછી થતી જણાઈ રહી છે. આ બાબતને ધ્યાનમાં લઈ શહેરના વેપારીઓનો અભિપ્રાય લેવામાં આવ્યો.

**● અશોકભાઈ મહેતા, બદા કિરાણા સ્ટોર્સ**

હું ૨૫ વર્ષથી કરિયાણાનો ધંધો કરું છું. છેલ્લા ચાર મહીનાથી પહેલી વખત મને



મંદીનો અનુભવ થઈ રહ્યો છે. માર્કેટમાં પૈસા જ નથી. અમે તો ચેક, મશીન,રોકડથી પૈસા લઈએ છીએ છતાં ગ્રાહક જલ્દી પૈસા ચૂકવવા તૈયાર નથી. ગ્રાહકની ખરીદશકિત ઓછી થઈ ગઈ છે. આ મહિનામાં વરસાદની અસર પણ ઘરાકીમાં વર્તાઈ રહી છે. હવે પહેલાની જેમ સેકટરોમાં ખરીદી કરવાનો ક્રેઝ નથી રહ્યો. નવું ગાંધીનગર ચિલોડા, રાંધેજા, પેથાપુરનો વિસ્તાર પણ વધુ ડેવલપ થતાં ત્યાંથી જ બધી વસ્તુ મળી રહેતા ગ્રાહક સ્પેશિયલ અહીં વસ્તુ લેવા પહેલાની જેમ નથી આવતો.

**● ગિરીશ દલવાડી, પાયલ**

ગાંધીનગરમાં પગાર ધોરણ વધુ અસર કરે છે. ૨૫ ટકા ગામડાના લોકો છે જે ખર્ચ કરતા બચતનો વિચાર કરે છે. ઓનલાઈન શોપીંગનું પ્રમાણ લોભામણી જાહેરાતો સાથે અને શોપિંગ મોલની સ્કીમોના



આકર્ષણથી ગ્રાહકો ત્યાં વધુ આકર્ષાય છે. ફેશન અપગ્રેડ થાય છે પણ અહીં બધાનું માઈન્ડ સેટ ચેન્જ નથી થતું વેપારીઓ અપગ્રેડ નથી થતા જેથી તેમને ઘરાકીમાં માર પડે છે. જો કે અમે હાલ રિઝનેબલ ભાવમાં કપડાંનું વેચાણ કરી રહ્યા છીએ એટલે અમને એટલી હદે મંદી નથી નડતી.

**● દિલીપસિંહ ચૌહાણ, અરિહંત**

માર્કેટમાં ખરીદીનો કોઈ માહોલ જ નથી સ્કુલ ખુલી એના



સ્કુલ ડ્રેસ અને સ્કુલની વસ્તુઓના ખર્ચા સાથે મોંઘવારી વધી છે. પગાર ઓછા છે એટલે ખરીદી પણ નથી. બજેટ પ્રમાણે ચાલતા શહેરીજનો કપડામાં પૈસા વાપરવા કરતા તેઓ પૈસા બચાવવામાં માને છે. વરસાદ નથી પડયો ગામડાના લોકોને પૈસાની કમાણી ન થઈ હોય એટલે તેઓ હાલ ખરીદી નથી કરી શકતાં. લગભગ ૫૦ ટકા ઘરાકીમાં અમારે ઘટાડો થયો છે.

**● રાજેન્દ્રભાઈ પોપટ, રાજેન્દ્ર કિરાણા સ્ટોર્સ, સે-૧૬**

સેકટરમાં ૭૦ ટકા સરકારી મકાનો ખાલી છે અને પ્રાઈવેટ મકાનો તો છે જ નહી. તેનાથી ધંધામાં મોટો ફર્ક પડે છે. શહેરમાં શોપિંગ મોલ વધી ગયા છે સાથે સાથે ઓનલાઈન શોપિંગનો ક્રેઝ પણ વધ્યો છે. વોશિંગ પાઉડર, શેમ્પુ જેવી વસ્તુ અમારી દુકાનમાંથી વેચાતી જ નથી. ખરીદનારને પૈસાની ખેંચ અનુભવાતી હોય તેવું લાગી રહ્યું



છે. બેરોજગારી પણ વધી છે. અમારે ઘરાકી પહેલા કરતા પચાસ ટકા જેટલી ઘટી ઘઈ છે.

## @ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન ગુલાબી ઘટાના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન કાગદ ગુટીકાના કલાત્મક હિંડોળાના દર્શન થશે.

● ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા સવારે ૧૦.૩૦ કલાકે સે-૧૨ બલરામ પરિસર ખાતે ધો-૧૦થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓનો ભરતી મેળો યોજાશે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા 'વિદ્યાર્થી સન્માન સમારંભ' યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા સંસ્થાના પેન્શનરોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ની વાર્ષિક પરીક્ષામાં ૭૫ ટકા કે તેથી વધુ ટકા મેળવનાર પૌત્ર-પૌત્રીઓને સન્માનવાનો કાર્યક્રમ તા. ૨૮-૭-૨૦૧૯ને રવિવારે બપોરે ૩ કલાકે શેઠ શ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ હોલ, કડી શિક્ષણ સંકુલ, સે-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે. કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીઓ, પેન્શનર્સ મિત્રો અને સન્માનપાત્ર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સહપરિવાર હાજર રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે સર્વરોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે તા. ૨૭ જુલાઈથી ૨૯ જુલાઈ દરમિયાન ૩ દિવસીય નિવાસી શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં કબજીયાત, હાઈ-લો બીપી, ઓબેસીટી, ડાયાબીટીસ, દમ, વા તથા ત્વચા સંબંધિત રોગો ઉપરાંત અન્ય હઠીલા રોગોની સારવાર સ્વ. જે.જે. બજાજ કુદરતી ઉપચાર કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે સવારે ૯ વાગ્યાથી શરુ થશે. શિબિરમાં ભાગ લેનાર માટે રહેવા તથા જમવાની સગવડ પણ કેન્દ્ર ખાતે કરવામાં આવી છે તેમ સંસ્થાના મુખ્ય ચિકિત્સક ડૉ. ધર્મેશ પટેલ દ્વારા જણાવાયું છે અને વધુ માહિતી માટે ૦૭૯-૨૩૯૭૬૭૧૮, ૮૪૦૧૧૧૩૧૨૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## આજે એમએલએ કવાટર્સ ખાતે કારગીલ વિજય દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સેકટર-૨૧ ખાતે એમએલએ કવાટર્સ ખાતે આવતીકાલે તા. ૨૬મી જુલાઈ શુક્રવારના રોજ કારગીલ વિજય દિવસને અનુલક્ષીને સવારે ૮ કલાકે વિજયધ્વજ સલામી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કારગીલ યુધ્ધને ૨૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આયોજિત આ કાર્યક્રમમાં દેશના વીર શહીદ જવાનોને યાદ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ધારાસભ્યો પક્ષ વિપક્ષથી ઉપર ઉઠીને ભાગ લેશે.

## રવિવારે શહીદવીર દિલીપસિંહ ડોડીયાને શ્રધ્ધાંજલિનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરની સંસ્થા અલ્પ હ્યુમન બીઈંગ ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા આગામી તા. ૨૮મી જુલાઈ રવિવારના રોજ શરીદવીર દિલીપસિંહ વિરસંગભા ડોડીયાને ભાવભીની શ્રધ્ધાંજલિ પાઠવવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સે-૧૭માં ચ-૫ સર્કલ નજીક સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજવામાં આવ્યો છે.

## ગાંધીનગર ગરવી ગુજરાત પાર્ટી દ્વારા પર્યાવરણ બચાવો અંગે આવેદનપત્ર અપાયું



ગાંધીનગર, તા.૨૫

ગરવી ગુજરાત પાર્ટી, ગાંધીનગર જિલ્લા ટીમ દ્વારા ગાંધીનગર જિલ્લાના નાયબ કલેકટરશ્રીને પર્યાવરણ બચાવો અને સરકાર દ્વારા પર્યાવરણ અંગે નવો કાયદો વિધાનસભામાં પસાર કરે તે અંગે આવેદન આપવામાં આવ્યું હતું. જેમાં ગરવી ગુજરાત પાર્ટીના પ્રદેશ પ્રમુખ નટવરસિંહ ઠાકોર, ગાંધીનગર જિલ્લા પ્રભારી ધર્મેશ ઠાકોર, ગાંધીનગર જિલ્લા પ્રમુખ હિતુભા ઠાકોર તથા ગાંધીનગર જિલ્લા ટીમના સભ્યો અને ગરવી ગુજરાત પાર્ટીના પ્રદેશના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

## સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિરના મૂક-બધિર બાળકો દ્વારા વિધાનસભાની મુલાકાત



ગાંધીનગર, તા.૨૫

સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર, સેકટર-૨૮, ગાંધીનગરના મૂકબધિર ૫૬ બાળકોએ વિધાનસભાના ચાલુસત્રની કાર્યવાહી નિહાળી હતી. ત્યારબાદ વિધાનસભા હોલની અંદર મુખ્યમંત્રીશ્રીએ મૂક બધિર બાળકોને સંબોધી આશીર્વાદ આપ્યા હતા અને તેમની સાથે સમુહ તસ્વીર લેવડવી હતી.

આ મુલાકાતમાં સમર્પણ મૂકબધિર શાળાના આચાર્ય ગોવિંદજી ચાવડા, મદદનીશ શિક્ષક હરિકૃષ્ણ શાહ, જયોતિબેન પટેલ, અનુપબેન ગઢવી, પારસબેન વાઘેલા, રામસીંગ પટેલિયા વગેરે હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રમુખ કૈલાસબેન જાની, રાજેશ પંચોલી તથા સંચાલક વૈભવ જાનીએ કર્યું હતું.

## ગાંધીનગરનો મીત ગજ્જર મેન્ટલ એરિથમેટિકમાં રાષ્ટ્રીય કક્ષાએ ઝળકયો

### માત્ર ૮ મિનિટમાં સૌથી વધુ દાખલા ગણી નેશનલ લેવલે એવોર્ડ હાંસલ કર્યો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના મીત ગજ્જરે ૮ મિનિટમાં સૌથી વધુ દાખલા ગણીને રાષ્ટ્રીય કક્ષાની 'મેન્ટલ એરિથમેટિક કોમ્પિટીશન ૨૦૧૯' સ્પર્ધામાં નેશનલ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. કેલકયુલેટરની મદદ વગર જ પલક ઝપકાવતા મીત ગજ્જરે દાખવેલા કૌવતને પરિણામે તેને ટ્રોફી તથા પ્રમાણપત્રથી નવાજવામાં આવ્યો છે.

મૂળ ગાંધીનગર જિલ્લાના વડોદરા ગામનો મીત ગજ્જર હાલ સેકટર-૪માં નિવાસ કરે છે જેણે અગાઉ 'ઉત્તર ગુજરાત' અને ગુજરાત લેવલે પણ આ સ્પર્ધા જીતી હતી જેના આધારે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં તેની પસંદગી થવા પામી હતી. મેન્ટલ એરિથમેટિક સ્પર્ધામાં નેશનલ લેવલે પહોંચનાર ગાંધીનગર જિલ્લાનો એકમાત્ર સ્પર્ધક મીત ગજ્જર સહયોગ વિદ્યાલયમાં



ધોરણ-૬માં અભ્યાસ કરે છે અને કોચ પ્રકાશભાઈ તથા ધ્રૃમિલભાઈ દ્વારા તેને માર્ગદર્શન પુરું પાડવામાં આવે છે. મીતના પિતા ધર્મેશ ગજ્જર અને માતા ગીતાબેન ગજ્જર બંને શિક્ષક છે તેઓ દહેગામ તાલુકાની રામાજીના છાપરાં પ્રાથમિક શાળામાં નોકરી કરી રહ્યા છે. મીતને મેથ્સ સિવાય વિજ્ઞાન, અંગ્રેજી અને સામાન્યજ્ઞાનમાં પણ રસ પડે છે અને નાટક, સ્વિમીંગ, ચિત્રકળા, ક્રિકેટ, કેલિગ્રાફી વગેરેનો શોખ ધરાવે છે. તેની બહેન હની પણ એસએસસી બોર્ડના ટોપર્સમાં સ્થાન મેળવી ચુકી છે અને મીતના દાદીના સુમિત્રાબેનને સરકાર દ્વારા 'માતા યશોદા એવોર્ડ' પ્રાપ્ત થયેલો છે મીત ગજ્જર શહેરની કલ્ચરલ ફોરમ, આત્મન, કલરવ, નિસર્ગ સાયન્સ જેવી સંસ્થાઓની શિબિરોમાં પણ ભાગ લેવામાં અગ્રેસર રહે છે.

## સુજોગ થેરાપીના માધ્યમથી સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

વિવિધ રોગથી પીડાતા અને ઘણી બધી સારવારથી થાકેલા દર્દીઓ માટે થેરાપી એક આશાનું કિરણ છે ત્યારે શહેરના ઋષિવંશી સમાજ સેવા સંઘ તથા સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૨૭ અને ૨૮ જુલાઈ બે દિવસિય સુજોગ થેરાપીથી સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન ભારતીય કિસાન સંઘ ગુજરાત પ્રદેશ બલરામ પરિસર સે. ૧૨-ડી ખાતે સવારે ૯ થી ૧૨ અને બપોરે ૨ થી ૫ દરમ્યાન કરવામાં આવ્યું છે. જેમાં સુજોગ થેરાપીના માધ્યમથી રાજયોગ ડાયાલીસીસ, બી.પી., અનિંદ્રા, શરીરના સાંધાના દુઃખાવા, ચામડીના રોગ, સ્ત્રી રોગ ઉપરાંત વજન વધારવા-ઘટાડવા સહિતના વિવિધ રોગોનું નિદાન કરવામાં આવશે. કેમ્પમાં ખાસ ઈન્ટરનેશનલ સુજોક એસોસીએશનના મેમ્બર એસ.જે. ટી. તૃપ્તી પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત તા. ૨૮ જુલાઈના રોજ સવારે ૯ થી ૧૨ બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યુ છે જેમાં સિવિલ હોસ્પિટલ ગાંધીનગરનો ફાળો રહેશે. કેમ્પના આયોજક હેમરાજભાઈ પાડલીયા દ્વારા શહેરીજનોને કેમ્પનો ખાસ લાભ લેવા જણાવાયું છે.



સેકટર-૩/એમાં મેઘરાજાને રીઝવવા માટે સેકટરની બહેનો એ ઘેરઘેર ફરીને ઢુઢીયા બાપજી કાઢયા હતા અને વરૂણ દેવને વરસાદ વરસાવવા વિનંતી કરી હતી.

## વડોદરા ગામે ૪ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના વડોદરા ગામે તળાવની કિનારે જુગાર રમતા ચાર શકુનીઓ ડભોડા પોલીસના હાથે રંગેહાથ ઝડપાયા છે. ડભોડા પોલીસ મથકના પીએસઆઈ બી.આર.રાઠોડ ના માર્ગદર્શન હેઠળ ડી સ્ટાફને બાતમી મળી હતી કે વડોદરા ગામના ઈન્દીરાનગર તળાવના કિનારે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે ડભોડા પોલીસે ચાર શકુનીઓ પકડી પાડ્યા હતા. ચાર શકુનીઓમાં વડોદરા ગામના પોપટ સોમાજી ઠાકોર, જગા અભુજી ઠાકોર, ભીખા ખોડાજી ઠાકોર, તેમજ લેકાવાડાના જીતેન્દ્ર પુનાજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે દવા અને અંગજડતી દરમિયાન રૂ.૫૪૦૦ રોકડા જપ્ત કરી તમામ સામે જુગાર ધારાનો કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજયકક્ષા)ના પદાધિકારીઓએ ગુજરાત રાજયના નવનિયુકત રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાત કરી તેમને શુભકામનાઓ પાઠવી હતી તે પ્રસંગની તસવીર.

## બ્રહ્મસમાજ દ્વારા સમાજના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો શરૂ થશે

ગાંધીનગર, તા.૨૫

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા તા. ૧૬ ઓગષ્ટથી માત્ર બ્રાહ્મણો માટે ડી.વાય.એસ.ઓ./નાયબ મામલતદારની પ્રિલીમ પરીક્ષાની તૈયારીઓ માટે વર્ગો શરૂ થશે. જેનો સમય સવારે ૮ થી ૧૦ અને સાંજે ૬.૩૦થી ૮.૩૦ વાગ્યાનો રહેશે. બેચમાં જોડાવવા ઈચ્છતા ભાઈઓ-બહેનોએ શનિવાર અને રવિવારના દિવસે બ્રહ્મભવન સે-૧૬ ખાતે રજીસ્ટ્રેશન માટે જવાનું રહેશે. રજીસ્ટ્રેશન માટે વિદ્યાર્થીઓએ સ્કુલ લિવિંગ સર્ટીફીકેટ, કાયમી સરનામાનું પ્રુફ, ધો-૧૨ અથવા ગ્રેજયુએશનની માર્કશીટ તથા પાસપોર્ટ સાઈઝનો ફોટો લાવવાનો રહેશે. જો વધુ સંખ્યામાં રજીસ્ટ્રેશન થશે તો એડમિશન માટે સ્કીનીંગ ટેસ્ટ લેવામાં આવશે તેમ સંસ્થા દ્વારા જણાવાયું છે. વધુ માહિતી માટે રોહિતભાઈ દવે ૮૧૨૮૩૬૩૨૭૮નો સંપર્ક કરવા જણાવાયું છે.

## આઇએનઆઇએફડીના વિદ્યાર્થીએ એમ્બ્રોઇડરીથી રૂપાણીનો ચહેરો બનાવ્યો






આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થી દર વખતે કંઈક ને કંઈક નવું કરવા માટે જાણીતા છે ત્યારે હાલ જયારે વિધાનસભામાં બજેટ સત્ર ચાલી રહ્યું છે ત્યાં ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીને મળવા ગયા હતા અને ત્યારે નીરવ મોચી નામના વિદ્યાર્થીએ કેનવાસ પર મુખ્યમંત્રીનો ચેહરો રેશમથી બનાવ્યો હતો અને રૂપાણી સાહેબને એ ડિઝાઈન ભેટ સ્વરૂપે આપી હતી. આઈએનઆઈએફડી ગાંધીનગરના ડિરેક્ટર વિશાલ મકવાણા એ જણાવ્યું કે "આ અમારા માટે ખુબ જ ગૌરવ ની વાત છે કે ગુજરાતના મુખ્યમંત્રીએ અમને આમંત્રણ આપ્યું અને અમારા વિદ્યાર્થીએ બનેલી ડિઝાઈન તેમણે સ્વીકારી. અમારા વિદ્યાર્થી નીરવ મોચીએ આ ડિઝાઈન બનાવવામાં ખુબજ અઘરી મહેનત કરી હતી અને આજે તે સફળ થઈ તે અમારા માટે ખુબ જ ગૌરવ ની વાત છે."

## પહેલા જીવનસાથી અને બાળકોને ત્યજી બંધાયેલા પ્રેમસંબંધનો અંતે કરૂણ અંત...!!

### પુરુષે પત્નિ અને બાળકો તથા મહિલાએ પતિ અને બાળકો છોડી એકબીજા સાથે લગ્ન તો કરી લીધા પરંતુ વર્ષોના પ્રેમસંબંધનો અંત મહિલાના આપઘાતથી આવ્યો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં આજે એક મહિલાએ ગળાફાંસો ખાઈને જીવન ટુંકાવ્યું હતું. આધેડ વયની આ મહિલાએ વર્ષો પહેલા પોતાના પહેલા પતિ અને બાળકોને છોડી પોતાના પ્રેમી સાથે લગ્ન કર્યા હતા. જે પ્રેમીએ પણ પોતાની પહેલી પત્નિ અને બાળકો છોડી આ મહિલા સાથે ઘરસંસાર માંડયો હતો. આમ બંને પ્રેમી પંખીડાઓએ પોતાના પહેલા જીવનસાથી અને બાળકોને છોડી પ્રેમસંબંધ બાંધ્યો હતો જેનો અંદાજે ૨૦ જેટલા વર્ષ પછી કરૂણતા સાથે અંત આવ્યો છે.

માનવી જીવનમાં હંમેશા પ્રેમ, સન્માન અને સુખની તલાશમાં ભટકતો હોય છે. આ તલાશ દરમિયાન કયારેક માનવી પ્રેમી-સન્માન અને સુખ મળશે તેવી અપેક્ષાએ જીવનસાથીની પસંદગી કરે છે પરંતુ તેમાં પણ જયારે થાપ ખાઈ જાય ત્યારે તેની જીંદગી નિરાશાની અંધારી ગર્તામાં ધકેલાતા વાર લાગતી નથી. શહેરના જુના સેકટરમાં આજે ૬૫ વર્ષની એક આધેડ મહિલાએ તેના વર્ષો જુના પ્રેમસંબંધનો આત્મહત્યાના કરૂણ પગલાં સાથે અંત આણ્યો હતો. આ મહિલાએ પોતાના પ્રેમને પામવા પતિ તથા બાળકોને ત્યજી દીધા હતા અને પોતાના પરિણિત તથા પિતા બની ચુકેલા પ્રેમી સાથે જીવન વીતાવવાનો નિર્ણય કર્યો હતો. તેના પ્રેમીએ પણ મહિલાના પ્રેમને વશ થઈ પોતાની પત્નિ-બાળકોને છોડી પ્રેમિકા સાથે લગ્ન કર્યા હતા. આ યુગલનું લગ્નજીવન તો ઘણા વર્ષો સુધી ચાલ્યું પરંતુ તેની શરૂઆત પ્રેમથી થઈ હતી છતાં તેનો અંત કરૂણતાથી આવ્યો છે. આ યુગલને નવા લગ્નથી કોઈ સંતાન થયા નહોતા પરંતુ આટલા વર્ષોના પ્રેમ સંબંધનો આવો કરૂણ અંત વિચારપ્રેરક જરૂર છે.

## ચિરવિદાય

- સ્વ. રાવલ સુશીલાબેન કેશવલાલ, ઉ.વ. ૮૩
- સ્વ. ખાંડે સુમતીબેન શંકરભાઈ, ઉ.વ. ૭૮
- સ્વ. વૈષ્ણવ અરૂણાબેન પ્રમોદકુમાર, ઉ.વ. ૬૫